બુધવારે માઇક્રોસોફ્ટ દ્વારા વીસીસીઆઇના સહયોગથી 'આઇ એમ વડોદરા, આઇ એમ ડિજિટલ' કેમ્પેઇન લોન્ચ કરાયું હતું. જેમાં ડિજિટલ ડિવાઇસિસ અને સર્વિસિસ વિશેનું ગાઇડન્સ આપવા ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓને ઉપયોગી એજ્યુ ક્લાઉડ સર્વિસનો પણ પ્રારંભ થયો હતો. આ પ્રયાસથી દેશને ડિજિટલ બનાવવાના કેમ્પેઇનમાં વડોદરાનું સર્વપ્રથમ યોગદાન અપાયું છે

# વડોદરામાં દેશનું 1st ડિજિટલ એક્સપિરિયન્સ સેન્ટર સ્થ

**SMART CITY**

## ડિજિટલ સિટી | 'આઇ એમ વડોદરા, આઇ એમ ડિજિટલ કેમ્પેઇનની'ની પહેલ કરી

કલ્ચરલ રિપોર્ટર • દેશને ડિજિટલ બનાવવાના કેમ્પેઇન અંતર્ગત માઇક્રોસોફ્ટ દેશમાં પ્રથમ ડિજિટલ એક્સપિરિયન્સ સેન્ટર વડોદરામાં સ્થાપશે. અગ્રગણ્ય સોફ્ટવેર કંપની માઇક્રોસોફ્ટ દ્વારા બુધવારે શહેરમાં બે અગત્યની સર્વિસિસનો પ્રારંભ કરવાનું એનાઉન્સમેન્ટ કર્યું હતું. વડોદરાને ડિજિટલ સિટી બનાવવમા મદદ કરવા વીસીસીઆઇના સહયોગથી 'આઇ એમ વડોદરા આઇએમ ડિજિટલ કેમ્પેઇનની'ની પણ પહેલ કરી હતી. આ ઉપરાંત માઇક્રોસોફ્ટની લેટેસ્ટ સર્વિસ એડુ ક્લાઉડનું પણ વડોદરામાં લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

બુધવારે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં માઇક્રોસોફ્ટ ઇન્ડિયાના બિઝનેસ ડેવલપમેન્ટ વિભાગના ડાયરેક્ટર મનોહર હોટચંદાની, વીસીસીઆઇના પ્રેસિડેન્ટ નિલેશ શુક્લ અને માઇક્રોસોફ્ટના શહેરના પાર્ટનર બિટસકેપના સીઇઓ કાર્તિક શાહ અને અન્ય કસ્ટમર ઉપસ્થિત રહ્યાં હતા. નિલેશ શુક્લએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'દેશના પ્રાઇમ મિનિસ્ટર, રાજ્યના ચીફ મિનિસ્ટરથી લઇને તમામ સેક્ટર એવું માને છે કે દેશના વિકાસ માટે એમએસએમઇનો વિકાસ જરૂરી છે. વડોદરા એજ્યુકેશન હબ પણ છે અને તેથી જ આ સેન્ટરની શરૂઆત વડોદરાથી થઇ રહી છે અને વીસીસીઆઇ પાર્ટનર બની રહ્યું છે.'

માઇક્રોસોફ્ટ ઇન્ડિયાના બિઝનેસ ડેવલપમેન્ટ વિભાગના ડાયરેક્ટર મનોહર હોટચંદાનીએ જણાવ્યું હતું કે, 'વીસીસીઆઇ અને અમારા ગ્રાહકો સાથે જોડાણનો હેતુ વધુ લોકોને ક્લાઉડ ટેકનોલોજીનો ઉપયોગના ફાયદા વિશે માહિતગાર કરવાનો છે. વધુમાં વડોદરાનું ડિજિટલ એક્સપિરિયન્સ સેન્ટર દરેક ક્ષેત્રના એસએમબીસ, સંસ્થાઓ, ઉદ્યોગ સાહસિકોને જરૂરી એવી માહિતી પુરી પાડશે. ભારતમાં હાલમાં જે એસએમઇસ આઇટીનો ઉપયોગ નથી કરતી તે ઉપયોગ શરૂ કરે તો એક જ વર્ષમાં 56 મિલિયન ડોલર રૂપિયાનો ફાયદો થઇ શકે છે અને તેનાથી નવી જોબ્સ ક્રિયેટ થઇ શકે છે.'




• કાર્યક્રમમાં ડાબેથી માઇક્રોસોફ્ટ ઇન્ડિયાના બિઝનેસ ડેવલપમેન્ટ વિભાગના ડાયરેક્ટર મનોહર હોટચંદાની, નીલેશ શુક્લ, બિટસકેપના સીઇઓ કાર્તિક શાહ અને ફાઇન ક્યોર ફાર્માસ્યુટિકલ કંપનીના ડિરેક્ટર વિકાસ રાજદરીયાએ માહિતી આપી હતી.

**એક્સપિરિયન્સ સેન્ટર કેવી રીતે કાર્યરત થશે?**

આ સેન્ટર આગામી 90 દિવસમાં વડોદરામાં શરૂ થશે. સેન્ટરમાં માઇક્રોસોફ્ટની ડિજિટલ સર્વિસિસ અને લેટેસ્ટ ડિવાઇસની માહિતી આપવામાં આવશે. જેનાથી વિન્ડોસ એપ્સ, ઓફિસ 365 ક્લાઉડ ટેકનોલોજી વિશે માહિતી મેળવી શકાશે. આ સર્વિસ ફ્રી હશે જેનો ફાયદો નાના ઉદ્યોગો, ઉદ્યોગ સાહસિકો, શૈક્ષણિક સંસ્થાઓને થશે. આ સુવિધાથી તેમનાં રેગ્યુલર કાર્યશૈલીમાં પણ અનેકગણો વધારો થશે.

### • એજ્યુ ક્લાઉડ લોન્ચ કરાયું

આ પ્રસંગે માઇક્રોસોફ્ટ દ્વારા વડોદરામાં એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યુટ દ્વારા તૈયાર કરવામાં આવેલી ક્લાઉડ ટેકનોલોજી એજ્યુ ક્લાઉડને શરૂ કરવાની જાહેર કરવામાં આવી હતી. આ ટેકનોલોજી દ્વારા શૈક્ષણિક સંસ્થાઓને ડિજિટલ લર્નિંગ અને ટિચિંગમાં વિન્ડોઝ ટેબલેટની મદદથી ડિજિટલ કન્ટેન્ટ આપવામાં સરળ બનશે. આ ઉપરાંત ઓફિસ 365 યુઝ કરી શકાશે. એજ્યુ ક્લાઉડ સ્ટુડન્ટ્સ, ટિચર્સ, અને એડમિનિસ્ટ્રેટર્સને વર્ચ્યુઅલ લર્નિંગનું પ્લેટફોર્મ આપશે. આ ઉપરાંત સરળ વિડિયો કોન્ફરન્સ, ક્લાઉડ સ્ટોરેજ, એનાલિટિક્સ, લર્નિંગનાં પરિણામોનો અભ્યાસ પણ થઇ શકશે.

### • કંપનીઓની આવક વધી

મનોહર હોટચંદાનીએ કહ્યું કે, 'બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ દ્વારા તાજેતરમાં જ એક સરવે કરવામાં આવ્યો હતો. તે પ્રમાણે સ્મોલ અને મિડીયમ બિઝનેસ, જેમણે બિઝનેસને ડેવલપ કરવા માટે આઇટીનો ઉપયોગ કર્યો છે તેમની છેલ્લા 3 વર્ષમાં આવક વધી છે. ઉપરાંત તેમણે આઇટીનો ઉપયોગ ન કરનારી કંપનીઓ કરતા વધુ રોજગારી ઉત્પન્ન કરી છે અને વૃદ્ધિ મેળવી છે.'